અપીલ અરજી નં.૨૦૦ તા.૨૯–૯–૦૯/૧૦

અરજદારઃ– શ્રી વાય એમ. સૈયદ

સામાવાળાઃ– ડે.કમિશ્નર(૫અનેઈ)અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વાય એમ. સૈયદની તા.૧–૯–૦૯ ની અરજીથી (૧) કતારગામઝોનમાં ખાન પાનની હોટલો કુલ કેટલી આવેલી છે? શરૂ કરવા માટે કુલ કેટલી અરજીઓ આવી છે, કેટલાને મંજુરી આપવામાં આવી છે કેટલી ના મંજુર કરવામાં આવી છે તે તમામના નામ સરનામાંની વિગત (૨) મંજુરી આપવામાં આવીછે તે તમામે આરોગ્ય તેમજ ગુમાસ્તાધારા સહિત પ્રકારની મંજુરી મેળવેલ છે કે કેમ? વિગેરે માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***–અરજદાર મજકુરની તા.૨૯–૯–૦૯ ની અપીલ અરજી નં.૨૦૦/૨૦૦૯–૧૦

શ્રી વાય એમ. સૈયદની તા.૧–૯–૦૯ ની અરજીથી (૧) કતારગામઝોનમાં ખાન પાનની હોટલો કુલ કેટલી આવેલી છે? શરૂ કરવા માટે કુલ કેટલી અરજીઓ આવી છે, કેટલાને મંજુરી આપવામાં આવી છે કેટલી ના મંજુર કરવામાં આવી છે તે તમામના નામ સરનામાંની વિગત (૨) મંજુરી આપવામાં આવી છે તે તમામે આરોગ્ય તેમજ ગુમાસ્તાધારા સહિત પ્રકારની મંજુરી મેળવેલ છે કે કેમ? વિગેરે માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી, કતારગામઝોનના પત્ર નં.એન.ઝેડ/આંન.૪૦૦૫ તા.૧૮–૯–૦૯ થી તથા જાહેર માહિતી અધિકારી કતારગામઝોનના પત્ર નં.એન.ઝેડ/આ.નં.૪૨૧૦ તા.૨૫–૯–૦૯ થી આપેલ માહિતી ગેરમાર્ગે દોરનારી અને અધૂરી તેમજ અમારા પ્રશ્નોને અનુલક્ષી નથી એમ જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૯–૯–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૩૧ તા.૭–૧૦–૦૯ થી ડે.કમિશ્નર(૫અનેઈ)અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તથા અરજદારને અરજીમાં મળેલી માહિતીમાં કઈ માહિતી અંગે નારાજગી છે અને કઈ વિગતે? તે અંગેના આધાર/પુરાવા કે તેના વાજબીપણાના કારણો વિગેરે વિવરણ જણાવેલ ન હોઈ તે સહિતની વિગતો પૂરી પાડવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧–૯–૦૯ ની અરજીથી (૧) કતારગામઝોનમાં ખાન પાનની હોટલો કુલ કેટલી આવેલી છે? શરૂ કરવા માટે કુલ કેટલી અરજીઓ આવી છે, કેટલાને મંજુરી આપવામાં આવી છે કેટલી ના મંજુર કરવામાં આવી છે તે તમામના નામ સરનામાંની વિગત (૨) મંજુરી આપવામાં આવી છે તે તમામે આરોગ્ય તેમજ ગુમાસ્તાધારા સહિત પ્રકારની મંજુરી મેળવેલ છે કે કેમ? તેની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને નં.એન.ઝેડ/આ.નં.૪૦૦૫ તા.૧૮–૯–૦૯ થી માંગવામાં આવેલ માહિતીના આશરે કુલ ૧૬૦ પાનાનો ખર્ચ રૂા.૨/– લે ગણતા રૂા.૩૨૦/– થાય છે જે જમાં કરી મેળવી લેવા જણાવવામાં આવેલ. જે અંગે અરજદારે તા.૨૩–૯–૦૯ ના રોજ રસીદ નં.૩૦૯૯૨ થી રૂા.૩૨૦/– ભરપાઈ કરી માહિતી મેળવેલ છે. આ ઉપરાંત અરજદારને એન.ઝેડ/આ.નં.૪૨૧૦ તા.૨૫–૯–૦૯ થી "માંગવામાં આવેલી માહિતી અનુસાર કતારગામના દફતરી રેકર્ડ મુજબની ખાનપાનની હોટલની યાદી તથા ગુમાસ્તાધારા અન્વયે જરૂરી પુરાવા સાથે આવેલ જે તે સંસ્થાની નોંધણી કરી પ્રમાણપત્ર આપવામાં આવેલ છે કોઈ અરજી પેન્ડીગ નથી "તેવી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. તેમ છતાં અરજદાર તરફથી તા.૨૯–૯–૦૯ ના રોજ યોગ્ય અધિકારીઓએ જે માહિતી અમને આપેલ છે તે ગેરમાર્ગે દોરનારી, અધૂરી અને અમારા પ્રશ્નોને અનુલક્ષીને નથી તેથી અમે આ જવાબથી અસંતુષ્ટ છીએ જેથી અમને સહી માહિતી મળે અને ખોટી માહિતી આપનાર અધિકારી દંડીત થાય એવી કાર્યવાહી કરવા અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે કોઈ માહિતી નહીં મળી હોય તેવી રજૂઆત કરેલ જણાયેલ નથી. આથી માહિતી નહીં મળ્યા બાબતે તકરારને કોઈ સ્થાન નથી. પરંતુ અરજદારે અપીલ સાથે કે અપીલ તબકકે કઈ માહિતી અંગે નારાજગી છે અને અને કઈ વિગતે નારાજગી છે તે અંગે તા.૭–૧૦–૦૯ થી પત્ર પાઠવીતે તક આપવા છતાં કોઈ પૂરક વિગતો રજૂ કરેલ નથી. જેથી અપીલનું કારણ સ્પષ્ટ થઈ શકતું નથી. જાહેર માહિતી અધિકારી ધ્વારા પણ પૂરી પાડેલ ૧૬૦ પાનાની સૂચિ કે મુદ્દાવાર આપેલ માહિતીનું વિવરણ અત્રે મોકલેલ ન હોઈ તુલના થઈ શકતી નથી. તેમ છતાં અરજદાર પક્ષે અપીલ કરેલ હોઈ અપીલનું કારણ આધારસહ સ્પષ્ટ કરવું અરજદાર પક્ષે અનિવાર્ય બને છે અને અરજદાર તેમ કરી શકેલ નથી. આરટીઆઈ કાયદાની કલમ ૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧–૯–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મેળવેલ ૧૬૦ પાનાની માહિતી અને બે પત્રો ધ્વારા અપાયેલ માહિતીના પરિપ્રેક્ષમાં ફરીયાદની હકીકત વિગતે પ્રસ્તુત તબકકે અપીલ બાબતે કોઈ હુકમ કરવાનો રહેતો ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળની લાગુ કિસ્સામાં ફી ભરપાઈ કરી લાગત દફતરી તપાસણી જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં આગોતરો સમય મેળવી કરી શકે છે. વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ દંડાત્મક જોગવાઈ અંગે કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગને છે. જેથી અત્રેથી તે અંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ : –૧૦ – ૦૯

***ડે.કમિશ્નર(જનરલ),***<br>
***અને એપેલેટ ઓફિસર***<br>
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી.(કતારગામઝોન).... જાણ તથા અમલ માટે<br>
(૨) શ્રી વાય એમ. સૈયદ